**અગ્રતા ક્રમ : ૧૨**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૯૩૫**

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ : ૧૩/૦૨/૨૦૨૪**

**પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્ય શ્રી જીગ્નેશ મેવાણી (વડગામ)**

---

## યુનીવર્સીટીના રી–સ્ટ્રકચરીંગ માટે લીધેલ પગલાંની વિગતો:

| ક્રમાંક | પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| 1 | ગુજરાત રાજ્યની યુનિવર્સિટીની ગુણવત્તા સુધારવા માટે રાજ્ય સરકાર દ્વારા શું કાર્ય કરવામાં આવેલ છે તેમજ બે વર્ષ દરમ્યાન ગુજરાત રાજ્યની સરકારી તેમજ અનુદાનિત કૉલેજો ખાતે કેટલા પ્રાધ્યાપકોની નિમણુંક કરવામાં આવી? | ➢ શિક્ષણ વિભાગ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦માં દર્શાવ્યા પ્રમાણે ૭ યુનિવર્સિટીને **સેન્ટર ઓફ એક્સેલેન્સ** જાહેર કરી.<br>➢ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ની રીસ્ટ્રકચરીંગમાં જણાવ્યા પ્રમાણે **શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ અને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ**ને યુજીસીના ધારાધોરણો કરતા પણ **વધુ જમીન, ભવનો, મકાન બનાવા માટે સરકારે ગ્રાન્ટ આપી. તમામ સરકારી યુનિવર્સિટીઓને સરકારી કૉલેજોના મકાનોને રીનોવેટ કરવા, સ્માર્ટ ક્લાસરૂમ બનાવવા, ફાયર–સેફ્ટીનાં સાધનો, નવી લેબૉરેટરી એનાં સાધનો માટે શિક્ષણ વિભાગે કેસીજી કચેરી દ્વારા ગ્રાન્ટ ફાળવી આપી.**<br>➢ સરકારી કૉલેજોમાં છેલ્લા બે વર્ષમાં **મદદનીશ પ્રાધ્યાપક વર્ગ–૨ની ૩૪૫ જગ્યા**ઓ પર નિમણુંક આપવામાં આવી. **ગ્રાન્ટ–ઈન–એઇડની ૩૫૬ કૉલેજોમાં ૬૪૮ પ્રાધ્યાપકો**ને નિમણુંક આપવામાં આવી. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા **શૈક્ષણિક સેવા વર્ગ –૨નાં વિવિધ મેથડનાં કુલ ૨૦ અધ્યાપકો**ને નિમણૂક આપવામાં આવેલ છે.<br>➢ તમામ સરકારી કૉલેજોમાં ૧૦૦% આચાર્યોની નિમણુંક થઇ ગયેલ છે.<br>➢ આમ, કૉલેજો અને યુનિવર્સિટીના રીસ્ટ્રકચરીંગ માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦માં દર્શાવેલ ગુડ ગવર્નન્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ગુણવત્તા, સંશોધન અને ઈન્નોવેશન માટે સરકારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માં દર્શાવેલ મોટાભાગના મુદ્દાઓનું અમલીકરણ કરેલ છે. |

| | | |
|---|---|---|
| 2 | રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ માટે પ્રોત્સાહિત કરવા માટે શું કામગીરી કરવામાં આવેલ છે? | ➢ **સ્ટાર્ટઅપ સૃજન પ્રોગ્રામ** હેઠળ, આ વર્ષે રાજ્યભરમાંથી ઇનોવેટર્સ અને સ્ટાર્ટઅપ્સ તરફથી બીજા જૂથમાં મળેલ ૩૬૫ અરજીઓ પૈકી સ્ક્રીનિંગ અને મંજૂરી બાદ ૧૫૦ ઇનોવેટર્સ અને સ્ટાર્ટઅપ્સને કુલ ૭ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે તેમજ વિવિધ પ્રકારના સપોર્ટ આપવામાં આવશે.<br>➢ કુલ **૨૫૦૦ પ્રૂફ ઓફ કન્સેપ્ટ (PoC)** ડેવલપ કરવા માટે સપોર્ટ કરવામાં આવી રહેલ છે.<br>➢ કુલ **૪૨૯ ઇન્કયુબેશન સ્ટાર્ટઅપ** માટે **રૂ.૨૩૦૦ કરોડની ઇનોવેશન ઇકો સિસ્ટમ** ડેવલપ કરવામાં આવી રહી છે.<br>○ જેમાં રૂ.૩૪૦ કરોડનું પ્રાઇવેટ ફંડ raise કરવામાં આવ્યા છે.<br>○ જેના થકી આ સ્ટાર્ટઅપ્સ દ્વારા રૂપિયા ૪૩૦ કરોડની રેવન્યુ જનરેટ કરવામાં આવેલ છે.<br>➢ **સ્ટાર્ટઅપ કોન્કલેવ** 2023માં 146.35 કરોડ રૂપિયાના રોકાણ સાથે 54 સ્ટાર્ટઅપ્સને સુવિધા આપવામાં આવી હતી. |

**કોલેજોના રી–સ્ટ્રકચરીંગ માટે લીધેલ પગલાની વિગતો**

| | | |
|---|---|---|
| 3 | ગુજરાત રાજ્યમાં **કેપેબલ ફેકલ્ટી** માટે રાજ્ય સરકાર દ્વારા શું કાર્ય કરવામાં આવેલ છે તેમજ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ ખાતે PhD થયેલ અધ્યાપકો મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ક્યાં પગલાં લેવામાં આવેલ છે? | ➢ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦માં દર્શાવ્યા મુજબ નિષ્ણાંત કેપેબલ ફેકલ્ટી તૈયાર કરવાની ભલામણ અનુસાર શિક્ષણ વિભાગ દ્વારા **૧૧૯૯ ફેકલ્ટીઓ માટે ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ** આયોજીત કરવામાં આવ્યા.<br>➢ અનેક વિષયોનાં અધ્યાપકોનું જ્ઞાન વધ્યું અને ટ્રેનીંગ કરવામાં આવી.<br>➢ તમામ કૉલેજોમાં PhD થયેલ અધ્યાપકો મળી રહે તે માટે રાજ્ય સરકારે **શોધ યોજના** શરુ કરેલ છે.<br>○ જેમાં **વર્ષ ૨૦૧૯ થી અત્યાર સુધીમાં ૩૫૪૬ વિદ્યાર્થીઓએ PhD ની ડીગ્રી પ્રાપ્ત કરી.**<br>○ ગુજરાત સરકારે આ માટે **દરેક સંશોધનકર્તાને ૨ વર્ષમાં ૪ લાખ રૂપિયા આપ્યા. એમ કુલ રૂ. ૭૯.૧૫ કરોડની સહાય આજ દિન સુધી સંશોધનકર્તાઓને ફાળવવામાં આવી છે.** |

| | | |
|---|---|---|
| 4 | ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ ખાતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ અનુસાર **પરીક્ષા પદ્ધતિમાં** શું ફેરફાર કરવામાં આવેલ છે? | ➢ તમામ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓમાં હવે **૫૦ % આંતરિક ગુણ અને ૫૦ % યુનિવર્સિટી પરિક્ષાના ગુણ** રહેશે.<br>➢ આંતરિક પરિક્ષાઓમાં **વીકલી ટેસ્ટ, ગ્રુપ ડિસ્કશન અસાઈનમેન્ટ, પ્રોજેક્ટ વર્ક** જેવા અનેક આયામ સાથે સતત મૂલ્યાનાકન દાખલ કરેલ છે.<br>➢ વિદ્યાર્થી ગોખણપટ્ટીને બદલે હવે **ક્રીટીકલ થિંકીંગ, લોજીકલ થિંકીંગ**થી અનેક બાબતોમાં ટ્રેઈન થશે. |

## ચુનીવર્સીટીના રી–સ્ટ્રકચરીંગ માટે લીધેલ પગલાંની વિગતો:

| | | |
|---|---|---|
| 5 | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ અનુસાર મલ્ટીડીસીપ્લીનરી એજ્યુકેશન અને રીસર્ચ યુનિવર્સિટીની સ્થાપના માટે રાજ્ય સરકાર દ્વારા શું કામગીરી કરવામાં આવેલ છે? | ➢ ગુજરાતની તમામ યુનિવર્સિટીઓમાં મલ્ટીડીસીપ્લીનરી વિષયો દાખલ કરેલ છે. આ માટે સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર (SOP) બહાર પાડેલ છે.<br>➢ વિદ્યાર્થીઓ માટે જુદા જુદા વિષયોના બાસ્કેટ બનાવેલ છે. જેમાંથી પોતાની પસંદગી પ્રમાણે વિદ્યાર્થી વિષયો લઈ શકે છે. દરેક યુનિવર્સિટીએ આવાં અનેક બાસ્કેટ બનાવી કોલેજોને આપેલ છે.<br>➢ યુનિવર્સિટીઓમાં રીસર્ચ માટે ઇન્ક્યુબેટર સેન્ટર શરૂ થયાં છે. શોધમાં તમામ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ભાગ લે છે.<br>➢ સરકારી યુનિવર્સિટીઓમાં અદ્યતન સંશોધન લેબ અને કેન્દ્ર છે. |

| | | |
|---|---|---|
| 6 | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ અનુસાર રાજ્યની **યુનિવર્સિટીના ગવર્નન્સમાં** સુધારા માટે રાજ્ય સરકાર દ્વારા શું કામગીરી કરવામાં આવેલ છે? | ➢ યુનિવર્સિટી વહીવટ અને ગવર્નન્સમાં સુધારા થાય તે માટે ગુજરાતમાં ૧૧ સરકારી યુનિવર્સિટીમાં જૂની સેનેટ–સીન્ડીકેટ રદ કરી પબ્લિક યુનિવર્સિટી એક્ટ પસાર કર્યો છે.<br>➢ ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ – ૨૦૨૩ મુજબ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦માં દર્શાવ્યા પ્રમાણે રીસ્ટ્રકચરીંગ કરીને બોર્ડ ઓફ મેનેજમેન્ટ, એક્ઝીક્યુટીવ કાઉન્સિલ અને એકેડેમિક કાઉન્સિલની નવેસરથી રચના કરવામાં આવી.<br>➢ યુનિવર્સિટીઓને આવતા ૨૦ વર્ષમાં આવનાર હરીફાઈને ધ્યાનમાં રાખી જવાબદારી સાથે વધુ ઓટોનોમી આપી છે.<br>➢ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ અને યુજીસીના ઠરાવ અનુસાર **કુલપતિશ્રીનાં કામગીરીની સમયમર્યાદા ૩ વર્ષ થી વધારી ૫ વર્ષ**ની કરી અને ૫ વર્ષ પછી પુનઃ નિમણુંક ના થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી.<br>➢ એકઝીકયુટીવ કાઉન્સીલ હવે અમલીકરણ કરનાર બોડી છે. ઓથોરીટીઝમાં અધ્યાપકો, આચાર્યો, યુનિવર્સિટી પ્રોફેસરો, કોલેજના અધ્યાપકો તથા સમાજના ઉત્તમ વિવિધ ક્ષેત્રોના એક્સપર્ટ મહાનુભાવોને લેવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| 7 | રાજ્ય સરકાર દ્વારા **પાંચ વર્ષનો એક્શન પ્લાન** ક્યાં વર્ષમાં જાહેર કરવામાં આવેલ હતો તેમજ તેના અંતર્ગત કેટલા મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવેલ છે? | ➢ યુનિવર્સિટીઓમાં ગુણવત્તા સુધારવા સરકાર ચિંતિત છે. **૨૦૧૯ માં** પાંચ વાઈસ ચાન્સેલરશ્રીઓની સમિતિ દ્વારા આપવામાં આવેલ રીપોર્ટના આધારે પાંચ વર્ષનો એક્શન પ્લાન બનાવેલ છે.<br>➢ **જેમાં ૨૨ મુદ્દા** દ્વારા એકેડેમિક સુધારા, વહીવટી સુધારા, એડમીશન, પરીક્ષાઓ વગેરે મુદ્દાનો રીપોર્ટ દર ત્રણ માસે સરકારી યુનીવર્સીટીઓએ CM dashboard પર પ્રગતિ રીપોર્ટ આપવાનો રહે છે. |

## કોલેજોના રી–સ્ટ્રકચરીંગ માટે લીધેલ પગલાંની વિગતો:

| ક્રમાંક | પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| 8 | ગુજરાત રાજ્યની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના ગુણવત્તા સુધારણા માટે સરકારશ્રી દ્વારા ક્યાં પગલા લેવામાં આવેલ છે તેમજ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ અનુસાર **ડીગ્રી એવોર્ડીંગ કલસ્ટર બનાવવા** માટે રાજ્ય સરકાર દ્વારા શું કામગીરી કરવામાં આવેલ છે? | ➢ સારી કોલેજો જેમનો નેકમાં ઉત્તમ ગ્રેડ છે. તેમને ઓટોનોમસ સ્ટેટ્સ અન્ય રાજ્યોમાં છે.<br>○ તે પ્રમાણે ઓટોનોમી માટે કેન્દ્ર સરકારની એજન્સીઓમાં કોલેજો અરજી કરી રહી છે. ટાર્ગેટ આ વર્ષે ૧૦૦ કોલેજોનો છે. મહારાષ્ટ્રમાં મોટા પ્રમાણમાં ઓટોનોમસ કોલેજો છે.<br>➢ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ અનુસાર ૬ કૉલેજોના કલસ્ટરની **શ્રી કે. કા. શાસ્ત્રી ગવર્નમેન્ટ કોલેજીસ કોન્ફેડરેશન**ની રચના, પુસ્તકો, લેબોરેટરી, અધ્યાપકો અને નવા અભ્યાસક્રમોમાં સંયુક્ત સાધનો વાપરી શકશે. |
| 9 | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ અનુસાર **મલ્ટીડીસીપ્લીનરી વિષયોને** અભ્યાસક્રમમાં દાખલ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા શું કામગીરી કરવામાં આવેલ છે? | ➢ તમામ કોલેજોમાં **મલ્ટી ડીસીપ્લીનરી વિષયોના બાસ્કેટ– મેજર અને માઈનર વિષયો, ઈન્ડીયન નોલેજ સિસ્ટમ, વેલ્યુ એજ્યુકેશન, સ્કીલ એજ્યુકેશન**ના અનેક વિષયો છે તે વિદ્યાર્થીને આપ્યા છે, તેમાંથી પોતાની પસંદગી પ્રમાણે પસંદ કરશે.<br>➢ વર્ષ દરમ્યાન સતત મૂલ્યાંકન થતાં વિદ્યાર્થીઓએ કોલેજોમાં બધા દિવસ હાજર રહેવું પડશે– આમ **પરીક્ષા પદ્ધતિમાં મોટા ફેરફાર કરી રીસ્ટ્રકચરીંગ** કરેલ છે.<br>➢ આવતા ૨૦ વર્ષને ધ્યાનમાં રાખી પરદેશની તથા દેશની ઉત્તમ યુનિવર્સિટીઓ તથા ઉદ્યોગો સર્વિસ એકટ અને અન્ય ક્ષેત્રોને ધ્યાનમાં રાખી અત્યારે શિક્ષણ વિભાગ દ્વારા **આંતરરાષ્ટ્રીય કક્ષાના મોડેલ કોર્સીસ તમામ વિષયો**માં કરવામાં આવી રહ્યા છે. તમામ યુનિવર્સિટીઓ દ્વારા જાહેર થયેલ **સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર પ્રમાણે** મલ્ટીપલ એન્ટ્રી અને એકઝીટ મંજૂર કરેલ છે. |

| | | |
|---|---|---|
| | | ➢ **પ્રથમ વર્ષમાં અભ્યાસક્રમ છોડનાર સ્કીલ ટ્રેઈનીંગ સાથે સર્ટીફીકેટ અને બીજા વર્ષે ડીપ્લોમા સર્ટીફીકેટ મેળવશે.**<br>➢ **વિદ્યાર્થી સાત વર્ષ સુધી પુનઃ પ્રવેશ લઈ અભ્યાસ શરૂ કરી શકશે**. જેથી વિદ્યાર્થીઓને આકસ્મિક કારણોસર અભ્યાસ છોડ્યા પછી લાભ રહેશે.<br>➢ રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં વિદ્યાર્થીઓને મૂળ શિક્ષણ સાથે અનેક **સ્કિલ ટ્રેનીંગ** આપવાનો મુદ્દો છે. શિક્ષણ વિભાગે કેસીજી કચેરી દ્વારા સરકારી અને અનુદાનિત કૉલેજોમાં વિવિધ પ્રકારની રોજગારી અંગેની અને સ્વ–વિકાસ થાય તેવી બીજી **પર્સનલ ઈક્વીસ્કિલ ફીનીશીંગ સ્કુલના પ્રોગ્રામ દ્વારા અત્યાર સુધી ૯૪,૯૦૧ વિદ્યાર્થીઓને આપવામાં આવી.** |
| 10 | ગુજરાત રાજ્યના **વિદ્યાર્થીઓને કૌશલ્યવર્ધક ટ્રેનીંગ** આપવા માટે રાજ્ય સરકાર દ્વારા શું કામગીરી કરવામાં આવેલ છે? | ➢ **ગુજરાત નોલેજ સોસાયટીની ઇમ્પેક્ટ સ્કીમ** હેઠળ CIPET, NASSCOM, WADHWANI, IIT BOMBAY, IBM, TCS FOUNDATION, LG ELECTRONICS, L&T દ્વારા વિદ્યાર્થીઓના કૌશલ્ય વિકાસ તથા રોજગાર તાલીમ આપવામાં આવી રહી છે.<br>➢ **ટેકનિકલ શિક્ષણ હેઠળની વિવિધ સરકારી સંસ્થાઓ ખાતે Artificial Intelligence and Machine Learning (Al-ML), Computation and Advanced Software including Cloud Services, Coding, Cyber Physical Systems, Semiconductor Design and Advanced Verification, Electric Vehicle, Advanced Manufacturing and Robotics, Drone Technology જેવા વિવિધ emerging technology ના કુલ ૧૩ સેન્ટર ઓફ એક્સલન્સ (CoE) સ્થાપવા માટે ચકાસણી કરીને તેને shortlist કરવામાં આવેલ છે અને અન્ય ૦૨ સેન્ટર ઓફ એક્સલન્સ માટે L&T અને LG સાથે કરાર કરવામાં આવી રહ્યા છે.** |

| | | |
|---|---|---|
| | | ➢ "ન્યુ ઈન્ડિયા વાઈબ્રન્ટ હેકાથોન–2023" (પાંચમી આવૃત્તિ) અગાઉની હેકાથોન આવૃત્તિઓ તરફ એક પગલું આગળ વધશે, જેમાં 12,000 થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે અને સમસ્યા નિવેદનો પર કામ કરશે તેવી અપેક્ષા છે. |